सत्यमेव जयते

| | |
|---|---|
| રજુ થયા તારીખ | ૨૨–૧૧–૨૦૨૩ |
| દાખલ થયા તારીખ | ૨૨–૧૧–૨૦૨૩ |
| ફેંસલ થયા તારીખ | ૦૯ –૦૩–૨૦૨૬ |
| અવધિ | વર્ષ મહીના દિવસ |

## મહે. સતલાસણાના જયુડી.મેજી.શ્રી જે.ડી.પટેલ સાહેબશ્રી ની અદાલત સમક્ષ, મુ. સતલાસણા.

**ફોજદારી કેસ નં.૬૨૪/૨૦૨૩**
**આંક – ૨૫**

ફરીયાદી : મેમણ મહંમદસાજીદ જાનમહંમદ,
ઉ.વ.આ.પુખ્ત,ધંધો–ઓટો કન્સલ્ટ,
રહે.મુ.વાવ, તા.સતલાસણા, જિ.મહેસાણા.

*વિરૂધ્ધ*

આરોપી : કુરેશી આસીફ ઐયુબભાઈ,
ઉ.વ.આ.પુખ્ત, રહે. ૩/૧૨/૧૧ ટોટાણ બાગ, સિધ્ધપુર,
તા.સિધ્ધપુર,જિ.પાટણ.

***નોઃ–ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ.***

---

**રજુઆત – ફરીયાદ પક્ષ તરફે – આર.એસ. દરજી**
**બચાવપક્ષ તરફે – બી.એસ.ઠાકોર**

---

**–:: ઠ રા વ ::–**

(૧) **<u>હકીકત</u> :** ફરીયાદપક્ષ ના કેસ ની ટુંકમાં હકીકત એવી છે કે, ફરીયાદી મોજે વાવ–સતલાસણા મુકામે કાયમી રહીશ છે અને ઓટો કન્સલ્ટ કરે છે તેમજ રોનક ઓટો કન્સલ્ટ વિસનગર મુકામે ચાલે છે. આરોપી અવાર નવાર ગાડીઓ લેવા માટે આવતા હતા અને મલવાનુ થતાં આરોપીને ફરીયાદી સાથે મિત્રતાના વિશ્વાસજન્ય સંબંધો કેળવાયેલા. વધુમાં જણાવે છે કે આરોપી છ મહીના અગાઉ ફરીયાદી પાસે આવેલા અને ફરીયાદી પાસેથી પૈસાની ખુબ જરૂરીયાત હોઈ આરોપીએ ફરીયાદી પાસે હાથ ઉછીના પૈસાની માંગણી કરતાં ફરીયાદીએ આરોપી ને રૂા.૯૦,૦૦૦/– રોકડા આપેલા. સદર રકમ છ મહીના પછી પરત આપવાનો વાયદો કરીને લઈ ગયેલા. આરોપીએ કરેલો વાયદો પુરો થતા ફરીયાદીએ સદર આરોપીને આપેલ હાથ ઉછીના રૂા.૯૦,૦૦૦/– ઉઘરાણી કરતાં આરોપી એ ફરીયાદીને ઈન્ડીયા ઓવરસીસ બેંક, પાટણ શાખાનો આરોપીના ખાતા નં.'' ૩૨૧૭૦૭૦૦૦૦૦૬૮૧૫'' નો ચેક નં.''૭૩૨૭૨૦'' નો ફરીયાદીના નામનો આપેલો અને ચેક ઉપર આરોપીએ સહી કરી ફરીયાદીને ચેક વટાવતા ચેકની રકમના નાણા ફરીયાદીને મલી જશે તેવો પાકો વિશ્વાસ અને ભરોસો આપેલ. ત્યારબાદ સદરહું ચેક વટાવવા સારૂ ફરીયાદીએ તેઓની બેંક ઓફ બરોડા, સતલાસણા શાખા માં ખાતા નં. ૩૮૨૪૧૦૦૦૦૪૯૪૦ માં તા.૧૪/૦૮/૨૦૨૩ ના રોજ જમા કરાવતાં ફરીયાદીની બેંકે ચેક રીસન–૦૫ **''કાઈન્ડલી કોન્ટેકટ ડ્રોવર/ડ્રોવર બેંક એન્ડ પ્લીઝ પ્રેઝન્ટ અગેઈન''**ના શેરા તા.૦૬/૦૯/૨૦૨૩ ના રોજ પરત કરતા તે અંગેની જાણ ફરીયાદી ની બેંકે ફરીયાદીને જાણ કરતાં ફરીયાદીએ તેઓના એડવોકેટ મારફતે તા.૦૬/૧૦/૨૦૨૩ ના રોજ એક રજીસ્ટર પોસ્ટ એડી થી આરોપીને નોટીસ આપેલી જે આર.પી.એડી.થી આપેલ નોટીસ આરોપીને તારીખ. ૦૭/૧૦/૨૦૨૩ ના રોજ બજી ગયેલ છે. તેમ છતાં આરોપીએ આજ

દીન સુધીમાં ફરીયાદીની બાકી નીકળતી કાયદેસરની રકમ વસુલ આપેલી નથી કે તેઓની નોટીસનું કોઈ પાલન કરેલું નથી. આમ, આરોપીએ ફરીયાદી પાસેથી કુલ રકમ રૂા.૯૦,૦૦૦/– (અંકે રૂપિયા નેવું હજાર પુરા) લઈ ખાતામાં પુરતુ બેલેન્સ નહી રાખી ફરીયાદી સાથે ગુનાહીત વિશ્વાસઘાત કરી ધી નેગો. ઈન્સ્ટ્રુ.એકટની કલમ–૧૩૮ મુજબનો ગુન્હો કરેલ છે.

**<u>આરોપી ની પ્લી</u> –**

(૨) સદર ફરિયાદ રજુ કરતા ફોજદારી કાર્યરિતી સંહિતા ૧૯૭૩ની કલમ– કલમ–૨૦૪ અન્વયે આરોપી સામે સમન્સ કાઢવામાં આવતા આરોપીને સમન્સ બજીને પરત ફરેલ અને આરોપી અદાલત સમક્ષ હાજર થતા તેને ફરીયાદ તથા તેની સાથે રજુ તમામ દસ્તાવેજોની નકલો પુરી પાડ્યા બાદ આરોપીનો ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૧ મુજબનો જવાબ અત્રેની અદાલત ધ્વારા નોંધવામાં આવતા તેમાં આરોપીએ ગુનાનો ઈન્કાર કરતા હાલના કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

(૩) ફરીયાદપક્ષ તરફથી આ કામે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**– મૌખિક પુરાવો –**

| ક્રમ નં. | સાહેદ નુ નામ | આંક |
|---|---|---|
| (૧) | ફરીયાદી મેમણ મહંમદસાજીદ જાનમહંમદની જુબાની | ૦૪ |

**– દસ્તાવેજી પુરાવો –**

| ક્રમ નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| (૧) | તકરારી અસલ ચેક નં.૭૩૨૭૨૦ | ૧૪ |
| (૨) | ચેક રીટર્ન મેમો | ૧૫ |
| (૩) | આરોપીને આપેલ નોટીસની સ્થળપ્રત | ૧૬ |
| (૪) | આરોપીને નોટીસ આર.પી.એડી.કર્યાની પોસ્ટની સ્લીપ | ૧૭ |

| | | |
|---|---|---|
| (૫) | આરોપીને નોટીસ બજી ગયા અંગેની એકનોલેજમેન્ટ સ્લીપ | ૧૮ |

(૪) આ સિવાય ફરીયાદપક્ષ ધ્વારા અન્ય કોઈ પુરાવો રજુ થયેલો નથી અને ફરીયાદપક્ષ તરફે **આંક–૨૦** થી પુરાવા બંધની પુરસીસ રજુ થયેલ છે.

(૫) **<u>ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીનુ લેવામાં આવેલ વિશેષ નિવેદન</u> –**

આરોપીનુ વિશેષ નિવેદન માટે કાર્યવાહી રાખાવામાં આવ્યા બાદ વિશેષ નિવેદન તૈયાર કરી કાર્યવાહીમાં રાખવામાં આવેલ છે પરંતુ આરોપી કે તેમના વિ.વ.શ્રી હાજર રહેલ નથી કે કોઈ ખુલાસો કરેલ નથી.આ તબકકે નામદાર સુપ્રિમ કોર્ટનો ચુકાદો વંચાણે લેવામા આવે તો,**AIR Supreme . . . 2012 Court Ramnaresh others 1357 "Ramnaresh & others Vs. State of Chhattisgadh" ના ચુકાદામા મહેરબાન સર્વોચ્ચ અદાલતે પેરા ૨૨ મા ઠરાવેલ છે કે,...... it is a settled principle of law that the obligation to put material evidence to the accused under Section 313 Cr.P.C is upon the Court. One of the main objects of recording of a statement under this provision of the Cr.P.C is to give an opportunity to the accused to explain the circumstances appearing against him as well as to put forward his defence if the accused so desires. <u>But once he does not avail this opportunity then consequences in law must follow</u>. Where the accused takes benefit of this opportunity, then his statement made under Section , 313 Cr P C in so far as it supports the case of the prosecution, can be used against him for rendering conviction. Even under the latter, he faces the consequences in law**. હાથ ઉપરના કેસમાં પણ આરોપી એફ.એસ. આપવા હાજર રહેતા ના હોઈ, ફરીયાદી તરફે આરોપીના એફ.એસ.નો હકક બંધ કરવા અરજી આપેલ છે જે અરજી લગત હુકમ કરી આરોપીના એફ.એસ.નો હકક બંધ કરવામાં આવેલ છે.

**(૬)** ફરીયાદપક્ષે વિ.વ.શ્રીની દલીલો સાંભળી તથા આરોપી તરફે દલીલ માટે કોઈ હાજર રહેતુ ના હોય આરોપી તરફે દલીલનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૭) આ કામે ફરીયાદપક્ષે વિ.વ.શ્રી.ની દલીલ એવી છે કે**, આંક–૧૪** ના ચેક આરોપીના ના હોવાની કે સદર ચેકમાં આરોપીની સહી નથી તેવી આરોપી પક્ષે કોઈ તકરાર નથી. જેથી આરોપીએ તેમની વચ્ચે થયેલા વ્યવહારોની ચુકવણી માટે આ ચેક આપેલાનુ અનુમાન ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટની કલમ–૧૩૯ અન્વયે અસ્તિત્વમાં આવે છે. આ અનુમાનનુ ખંડન કરવા આરોપીએ જુબાની આપેલી નથી કે કોઈ સાહેદ તપાસેલ નથી કે કોઈ પુરાવો રજુ રાખેલ નથી કે આ અનુમાનનું ખંડન થાય તેવો કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. જેથી આરોપીએ આ ચેક તેમના કાયદેસરના દેવા પેટે આપેલ હોવાનુ પુરવાર થાય છે.

(૮) ફરીયાદીના વિ.વકીલશ્રીની વધુમાં દલીલ એવી છે કે**,** આરોપીએ આપેલ ચેક નિયત સમયમાં બેંકમાં રજુ કરવામાં આવેલ છે અને આ ચેક ખાતામાં ''**કાઈન્ડલી કોન્ટેકટ ડ્રોવર/ડ્રોવર બેંક એન્ડ પ્લીઝ પ્રેઝન્ટ અગેઈન**'' ના કારણે પરત ફરેલ છે અને આ ચેક પરત ફર્યા બાદ સમય મર્યાદામાં નોટીસ આપેલી છે અને આરોપીને નોટીસ બજવણી થવા છતાં ચેક ની લેણી રકમ આરોપીએ ચુકવી આપેલી નથી અને આ હકીકત સામે આરોપી પક્ષે કોઈ તકરાર લેવામાં આવેલી નથી અને ફરીયાદપક્ષના પુરાવાથી આ હકીકતો પુરવાર થાય છે અને હાલની આ ફરીયાદ નિયત સમયમાં રજુ કરવામાં આવેલ છે જેથી આરોપીને સખતમાં સખત સજા કરવા અરજ ગુજારેલ છે.

(૯) સદરહું કામના રેકર્ડ પર રજુ થયેલ પુરાવા તથા બંને પક્ષોની દલીલો તેમજ કેસનાં સંજોગો ધ્યાને લેતાં આ અદાલત સમક્ષ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**–:: <u>મુદ્દા</u> ::–**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, આરોપીએ ફરીયાદીને કાયદેસરના લેણા પેટે **આંક–૧૪ થી રજુ ચેક** આપેલ અને તે ચેક **"કાઈન્ડલી કોન્ટેકટ ડ્રોવર/ડ્રોવર બેંક એન્ડ પ્લીઝ પ્રેઝન્ટ અગેઈન"**ના શેરા સાથે પરત થયેલ, જેની લેખિત નોટીસ આરોપીને મળેલ છતાં તેનો અમલ આરોપીએ નહી કરી તથા ચેકના નાણાની ચુકવણી સમયમર્યાદામાં ન કરીને ધી નેગોશીયેબલ ઈન્સટ્રુમેન્ટ એકટ–૧૮૮૧ ની કલમ–૧૩૮ અન્વયે શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શુ હુકમ ?

**(૧૦)** ઉપરોકત મુદ્દાઓના અત્રેની કોર્ટના જવાબો નીચે મુજબ છે.

**(૧) હકારમાં,**

**(૨) આખરી હુકમ મુજબ.**

**<u>// કારણો //</u>**

**<u>મુદ્દા નં.૧ તથા ૨ની ચર્ચા –</u>**

**(૧૧)** આ તબક્કે પુરાવાનું મુલ્યાંકન કરતાં પહેલા અત્રે એ હકીકતનો ઉલ્લેખ કરવો જરૂરી છે કે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ ની કલમ–૧૩૮ અન્વયે દંડનાત્મક જોગવાઈ દેશમાં બેંક ધ્વારા થતાં નાણાંકીય વ્યવહારોની વિશ્વનીયતાને મજબુતી આપવા માટે કરવામાં આવેલી છે. સામાન્ય રીતે મજકુર અધિનિયમ હેઠળના ઉપરોકત ગુનામાં ગુનાનો આધાર મુખ્યત્વે દસ્તાવેજી પુરાવા ઉપર અવલંબે છે. નામદાર સર્વોચ્ચ અદાલત તથા નામદાર વડી અદાલતે તેમના વિવિધ ચુકાદાઓમાં પ્રસ્થાપતિ કરેલ છે કે જયારે ચેકમાંની સહી આરોપીની હોવાનુ પુરવાર થાય ત્યારે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ અન્વયેનુ અનુમાન કરવાનુ રહે. સદરહુ કાયદાની કલમ ૧૩૯ હેઠળની જોગવાઈ મુજબ જયાં સુધી વિરૂધ્ધની હકીકતો સાબિત કરવામાં ન આવે ત્યાં સુધી ચેકના ધારણકર્તાને આવો ચેક કોઈ દેવા અથવા અન્ય જવાબદારીની અદાયગી

પેટે આપવામાં આવેલ છે તેવુ અનુમાન કરવાનુ ઠરાવેલ છે. અલબત્ત, આથી વિરૂધ્ધનો ખંડનાત્મક પુરાવો આરોપી રજુ કરી શકે છે. સદરહું અનુમાનનુ ખંડન કરવાનની આરોપી પક્ષની જવાબદારી, ફરીયાદપક્ષની જવાબદારીની જેમ નિ:શંકપણે પુરવાર કરવાની રહેતી નથી, પરંતુ શકયતાની પ્રબળતાના આધારે કરવાની રહે છે અને સદરહુ શકયતાની પ્રબળતા એક ડહાપણભરી સામાન્ય બુધ્ધિથી, તેવી શકયતા માની શકાય તેમ છે કે માની શકાય તેમ નથી, તેના આધારે મુલ્યાંકન કરવાનુ રહે છે પરંતુ આવો પુરાવો ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ હેઠળના કાનુની અનુમાનને વાજબી અને પ્રતિતિજન્ય રીતે ખંડિત કરી શકેલ છે કે કેમ તેવી બાબતો પ્રત્યેક કેસમાં રજુ થયેલ પુરાવાની વિગતો ઉપર અવલંબે છે. અધિનિયમની કલમ–૧૩૯ હેઠળનુ અનુમાન તે હકીકતોનુ નહી, પરંતુ કાયદાનુ અનુમાન છે અને આથી જ કાયદાના આવા અનુમાનનુ ખંડન સંતોષકારક એવી હકીકતોથી પ્રતિપક્ષ કરી શકે નહી તો કલમ–૧૩૯ હેઠળનુ કાનુની અનુમાનનું ખંડન કરી શકે છે તો, તેવા સંજોગોમાં ફરીયાદી ઉપર આરોપી વિરુધ્ધ તેવી લેણી રકમ નીકળતી હતી તે હકીકત વાજબી શંકાથી પર હોય તે મુજબ પુરવાર કરવાની જવાબદારી આવી પડે છે અને તે પુરવાર કરવામાં ફરીયાદી સફળ થાય છે કે નહી, તેના આધારે ફરીયાદનો અંતિમ નિર્ણય લેવાનો રહેતો હોય છે. આ કામે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ હેઠળના અનુમાનો જોવામાં આવેતો નીચે મજબ છે.

**118. Presumptions as to negotiable instruments-**

**Until the contrary is proved, the following presumptions shall be made:**

**(a) of consideration: that every negotiable instrument was mad or drawn for consideration, and that every such instrument when it has been accepted, endorsed negotiated or transferred, was accepted, endorsed, negotiated or transferred for consideration;**

**138. Dishonor of cheque for insufficiency, etc., of funds in the account.- Where any cheque drawn by a person on an account maintained by him with a banker for payment of any amount of money to another person from out of that account**

**for the discharge, in whole or in part, of any debt or other liability, is returned by the bank unpaid, either because of the amount of money standing to the credit of that account is insufficient to honour the cheque or that exceeds the amount arranged to be paid from that account by an agreement made with that bank, such person shall be deemed to have committed an offence and shall, without prejudice to any other provision of this Act, be punished with imprisonment for a term which may extend to two years, or with fine which may extend to twice the amount of the cheque, or with both:**

**Provided that nothing contained in this section shall apply unless-**

**(a) the cheque has been presented to the bank within a period of six months from the date on which it is drawn or within the period of its validity, whichever is earlier.**

**(b) the payee or the holder in due course of the cheque, as the case may be, makes a demand for the payment of the said amount of money by giving a notice, in writing, to the drawer of the cheque, within thirty days of the receipt of information by him from the bank regarding the return of the cheque as unpaid; and**

**(c) the drawer of such cheque fails to make the payment of the said amount of money to the payee or, as the case may be, to the holder in due course of the cheque, within fifteen days of the receipt of the said notice.**

**139. Presumption in favour of holder-**

**It shall be presumed, unless the contrary is proved, that the holder of a cheque received the cheque, in whole or in part, of any debt, or other liability.**

**(૧૨)** આ કામે હાલના ફરીયાદી દ્ધારા આરોપી સાથે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબનો આક્ષેપ મુકવામાં આવેલ છે. ત્યારે સદર ગુનાના તત્વોની ઉપરોક્ત કરવામાં આવેલ ચર્ચા સાથે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૧૮(એ) તથા કલમ–૧૩૯ અનુસાર ફરીયાદીની તરફેણમાં અનુમાનો કરી શકાય તેવી જોગવાઈ છે. ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૧૮(એ) ની જોગવાઈ અનુસાર જ્યાં સુધી વિરૂદ્ધનું સાબિત ના થાય ત્યાં સુધી દરેક વટાઉખત અવેજના માટે કરી આપ્યાનું માની લેવામાં આવશે. તે જ રીતે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ–૧૩૯ ની જોગવાઈ વંચાણે લેવામાં આવેતો વિરૂદ્ધની હકીકત સાબિત ન થાય ત્યાં સુધી અનુમાન કરવામાં આવે છે કે ચેકના ધારણકર્તા એ તે ચેક ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ ની જોગવાઈ અનુસાર તેમના કાયદેસરના દેવા અથવા જવાબદારીની અંશતઃ અથવા પૂર્ણ ચુકવણી માટે મેળવવામાં આવેલ હશે. ઉપરોક્ત બંને કલમ હેઠળ ફરીયાદીની તરફેણમાં અનુમાન થઈ શકે પરંતુ બંને જોગવાઈમાં *'વિરૂદ્ધનું સાબિત ના થાય તો"* તેવા શબ્દો પ્રયોજવામાં આવેલ છે એટલે કે આ બંને અનુમાનો ખંડિત થઈ શકે તે પ્રકારેના અનુમાનો છે. વિરૂદ્ધનું પુરવાર ના થાય તે શબ્દોના અર્થઘટન અનુસાર અનુમાનનું ખંડન સચોટ પુરાવાથી કરવાનું રહે છે અને આવું અનુમાન ખંડન કરવાનો બોજો આરોપીના શીરે રહે છે.

**(૧૩)** વધુમાં આ કામે કયા કયા સંજોગોમાં અનુમાનોનુ ખંડન કેવી રીતે કરી શકાય તથા તેવા અનુમાનોનુ ખંડન કરવા માટે પુરાવાનો બોજો કોના પર છે અને તે કેવી રીતે ખંડન કરી શકાય તે બાબતે **નામદાર સર્વોચ્ચ અદાલતના "હિતેન પી. દલાલ વિરૂધ્ધ બ્રતીન્દ્રનાથ બેનરજી" AIR 2001 SUPREME COURT 3897** નો ચુકાદો રીફર કરવો જરૂરી હોઈ તે નીચે મુજબ છે.

> **"Section 139 provides that "it shall be presumed, unless the contrary is provided, that the holder of a cheque received the cheque, of the nature referred to in Section 138 for the discharge, in whole or in part, of any debt or other liability." The effect of these presumptions is to place the evidential burden on the**

**accused of proving that the cheque was not received by the complainant towards the discharge of any liability. Because both Section 138 and 139 require that the Court "shall presume" the liability of the drawer of the cheques for the amounts for which the cheques are drawn, as noted in it is obligatory on the Court to raise this presumption had been established. It introduced an exception to the general rule as to the burder of proof in criminal cases and shifts the onus on to the accused. Such a presumption is a presumption of law, as distinguished from a presumption of fact which describes provisions by which the Court "may presume" a certain state of affairs. Presumptions are rules of evidence and do not conflict with the presumption of innocence, because by the latter all that is meant is that the prosecution is obliged to prove the case against the accused beyond reasonable doubt. The obligation on the prosecution may be discharged with the help of presumptions of law or fact unless the accused adduces evidence showing the reasonable possibility of the non existence of presumed fact. (Para 20,21).**

**The distinction between the two kinds of presumption lay not only in the mandate to the Court, but also in the nature of the evidence required to rebut the two. In the case of discretionary presumption the presumption if drawn may be rebutted by an explanation which "might reasonably be true and which is consistent with the innocence" of the**

**accused. On the other hand in the case of a mandatory presumption "the burden resting on the accused person in such a case would not be as light as it is where a presumption is raised under Section 114 of the Evidence Act and cannot be held to be discharged merely by reason of the fact that the explanation offered by the accused is reasonable and probable. It must further be shown that the explanation is a true one. The words 'unless the contrary is provided' which occur in this provision make it clear that the presumption has to be rebutted by proof and not by a bare explanation which is merely plausible. A fact is said to be proved when its existence is directly established or when upon the material before it the Court finds its existence to be so probable that a reasonable man would act on the supposition that it exist. Unless therefore, the explanation is supported by proof, the presumption created by the provision cannot be said to be rebutted.**

આમ ઉપરોકત ચર્ચા કરેલ ચુકાદા મુજબ તેવા અનુમાનોનુ ખંડન કરવાનો બોજો આરોપી ઉપર રહે છે.

(૧૪) ફરીયાદપક્ષના સમગ્ર કેસની હકીકતો ધ્યાને લેતા એ હકીકત નિર્વીવાદ છે કે,આ કામના ફરીયાદીએ આરોપી વિરૂધ્ધ વાદવાળા **આંક–૧૪ વાળો ચેકની રકમ રૂ. ૯૦,૦૦૦/–** પુરા વસુલ મેળવવા માટે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ અન્વયે હાલની ફરીયાદ દાખલ કરેલી છે. વધુમાં રેકર્ડ ઉપર રજુ થયેલ સમગ્ર મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓનુ બારીકાઈથી મુલ્યાંકન કરવામાં આવે તો **આંક–૧૪ રજુ તકરારી ચેક તા.૧૦/૦૭/૨૦૨૩** ના રોજના હોઈ તે ચેકમાં આ કામના આરોપીની

સહી નથી કે તે ચેકની વિગતો આ કામના આરોપી ધ્વારા લખવામાં આવેલી નથી તે અંગેની કોઈ તકરાર આ કામના આરોપી ધ્વારા લેવામાં આવેલી નથી. **આંક–૧૪** વાળા તકરારી ચેક આ કામના આરોપી ધ્વારા ફરીયાદીને **તા.૧૦/૦૭ /૨૦૨૩** ના રોજની પાકતી તારીખના પોતાના સ્વહસ્તાક્ષરમાં ચેક ની વિગતો ભરીને આપવામાં આવેલ ન હતો તે અંગેની પણ કોઈ તકરાર આ કામના આરોપી ધ્વારા લેવામાં આવેલ નથી. **આંક–૧૪** વાળા તકરારી ચેક જે ફરીયાદી ધ્વારા તેમની બેંકમા જમાં કરાવતા તે ચેક સ્વિકારવા માટે મોકલેલ પરંતુ ચેક સ્વીકાર્યા વિના **"કાઈન્ડલી કોન્ટેકટ ડ્રોવર/ડ્રોવર બેંક એન્ડ પ્લીઝ પ્રેઝન્ટ અગેઈન"** ના શેરા સાથે તા.૦૬/૦૯/૨૦૨૩ ના રોજ પરત ફરેલ હતો તે રીટર્ન મેમો **આંક–૧૫** થી રજુ કરવામાં આવેલ છે. આમ, ઉપરોકત હકીકતો જોતા આ કામના આરોપી ધ્વારા આ કામના ફરીયાદીને આંક–૧૪ વાળો તકરારી ચેક આપેલ હોવાની હકીકતો ફલીત થાય છે. જે ચેક આરોપીના ખાતામાં **''કાઈન્ડલી કોન્ટેકટ ડ્રોવર/ડ્રોવર બેંક એન્ડ પ્લીઝ પ્રેઝન્ટ અગેઈન''** ના શેરા સાથે પરત ફરતા આ કામના ફરીયાદી ધ્વારા આરોપીના નિયત સરનામે **આંક–૧૬** વાળી નોટીસ પોતાના વકીલ મારફતે આપી ચેક ની રકમની માંગણી કરેલ જે નોટીસ આરોપીને તા.૦૭/૧૦/૨૦૨૩ ના રોજ મળી ગયેલ છે તેની પોસ્ટની એકનોલેજમેન્ટ સ્લીપ **આંક–૧૮** થી રજુ છે અને આમ, આરોપીને નોટીસ મળી ગયેલ હોવા છતાં સમય મર્યાદામાં માંગણી મુજબની ચેક ની રકમની ચુકવણી નહી કરતા ફરીયાદી ધ્વારા આરોપી વિરૂધ્ધ ધી નેગો. ઈન્સ્ટ્રુ.એકટની કલમ–૧૩૮ મુજબના શિક્ષાપાત્ર ગુના સબબની ફરીયાદ દાખલ કરેલ છે. આમ, રેકર્ડ ઉપર રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાનુ મુલ્યાંકન કરતા આ કામના આરોપીના શિરે ધી નેગો. ઈન્સ્ટ્રુ.એકટની કલમ–૧૩૯ મુજબ જે પુરાવાનો બોજો ખસે છે તે પુરાવાનો બોજો ફરીયાદીએ પુરવાર કરેલ છે અને આરોપી પાસેથી નીકળતી લેણી રકમ કાયદેસર રીતે નીકળે અને તે કાયદેસરના લેણા ચુકવવા માટે આરોપીએ **આંક–૧૪ વાળો ચેક** ફરીયાદીને આપેલ હતો તે હકીકત

પણ ફરીયાદીએ પુરવાર કરેલ છે પણ તે વાદવાળો ચેક આરોપીએ ફરીયાદીના કોઈ કાયદેસરના લેણા ચુકવવા માટે પોતાની સહીથી આપેલ હતો નહી તેવુ શંકાથી પર રહી પુરવાર કરવામાં આરોપી નિષ્ફળ ગયેલ હોય આરોપીને સખતમાં સખત સજા કરવા ફરીયાદીએ અરજ ગુજારેલ છે.

**(૧૫)** આ કામે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ અનુસારનો ગુનો બનવા માટેના સર્વપ્રથમ આવશ્યક તત્વો ચકાસવા માટે પુરાવો ધ્યાને લઈએ તો સદર કામે ફરીયાદીએ તેના **આંક–૦૪** ના સરતપાસના સોગંદનામામાં ફરીયાદને સમર્થનકર્તા તમામ હકીકતો દર્શાવેલ છે. વધુમાં આરોપી ધ્વારા ફરીયાદીની ઉલટ તપાસ કરી બચાવ લેવાનો પ્રયાસ પણ કરવામાં આવેલ નથી કે જેનાથી એવુ પુરવાર થાય કે, વાદવાળો **આંક–૧૪ વાળો ચેક** ફરીયાદીના કાયદેસરની લેણી રકમ ચુકવવા માટે નહી પણ ફરીયાદીએ ગેરકાયદેસર રીતે આરોપી પાસેથી ચેક મેળવી લીધેલ હતો તેવો કોઈ ખંડનાત્મક પુરાવો આરોપી ધ્વારા રજુ કરવામાં આવેલ નથી. વધુમાં ધી નેગો.ઈન્સ્ટ્રુમેન્ટ. એકટની કલમ–૧૩૯ માં જે અનુમાન કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે તે મુજબ વાદવાળા ચેક આરોપીએ પાતાના સ્વ હસ્તાક્ષરમાં લખીને પોતાની સહીથી ફરીયાદીને આપેલ હોય તો તે સંજોગોમાં ફરીયાદીના કાયદેસરના લેણાની ચુકવણી માટે આરોપી ધ્વારા આપવામાં આવેલ હોય છે તેવુ અનુમાન કરવાનુ રહે છે.

**(૧૬)** વધુમાં ધી નેગોશીયેબલ ઈનસ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ ની વ્યાખ્યામાં જણાવ્યા મુજબ જોવામાં આવેતો, તેમાં એવી વ્યાખ્યા કરવામાં આવેલ છે કે, સમગ્ર રીતે અથવા અંશત: કોઈપણ દેવુ કે અન્ય જવાબદારી અદા કરવા માટે કોઈપણ વ્યક્તિ પોતે નિભાવતા હોય તેવા ખાતા ઉપરનો ચેક આ ખાતામાંથી બીજી વ્યક્તિને નાંણાની ચુકવણી કરવા માટે બેંકરને લખે અને આવા ચેકની ચુકવણી કર્યા વિના બેંક પરત કરે, કારણકે, ખાતામાંની જમા રકમ ચેકના સ્વિકાર માટે અપુરતી છે અથવા તો બેંક સાથે સમજુતીથી કરેલ વ્યવસ્થા કર્યા પ્રમાણે ચેકની રકમ એ રકમ કરતા વધુ છે ત્યારે, આવી વ્યક્તિએ ગુનો કર્યો ગણાશે અને આ કાયદાની કોઈ અન્ય જોગવાઈઓનો બાધ ન આવે

તેમ તેને બે વર્ષ સુધીની કેદની શિક્ષા, અથવા ચેકની રકમની બમણી રકમ સુધીનો દંડ અથવા બંને કરવામાં આવશે.

(એ) જયાં સુધી ચેક લખ્યાની તારીખ થી છ માસ અથવા કાયદા માન્ય હોય તે મુદત એ બે માંથી જે વહેલી હોય તે મુદતમાં તેવો ચેક બેંકમાં રજુ કરવામાં આવ્યો ન હોય.

(બી) જયાં સુધી તે ચેકનો પેઈ અથવા તો યથાક્રમ ધારક, જેમ હોય તેમ તે ચેક વણ ચુક્યો પરત આવ્યાની બેંક તરફથી તેને માહિતી મળ્યાના ત્રીસ દિવસની અંદર તે ચેકના લખનારને લેખિત નોટીસ આપીને તેવી રકમની ચુકવણીની માંગણી કરે નહી અને

(સી) જયાં સુધી આવો ચેક લખનાર ચેકના નાણા લેનાર પેઈને અથવા તે ચેકમાં યથાક્રમ ધારકને જેમ હોય તેમ, ઉપરોકત નોટીસ મળ્યાના ૧૫ દિવસમાં એ રકમની ચુકવણી કરવામાં નિષ્ફળ જાય નહી ત્યાં સુધી આ કલમનુ કશુજ લાગુ પડશે નહિ. આ કલમનો હેતુ અને હાર્દ મુજબનુ દેવુ અથવા અન્ય જવાબદારી એટલે કે, કાયદેસર રીતે જેનો અમલ કરાવી શકાય તેવુ દેવુ અથવા અન્ય જવાબદારી એવો થાય તે માટે કરવામાં આવેલ છે.

આમ, ઉપરોકત પુરાવાનુ બારીકાઈ પુર્વક મુલ્યાંકન કરતા અગાઉ તેમજ અગાઉ કરવામાં આવેલી ચર્ચા મુજબ આ કામના ફરીયાદીએ તેમની આંક-૦૧ ની ફરીયાદ તથા **આંક–૦૪** ની સોગંદ ઉપરની સરતપાસ તથા **આંક–૧૬** વાળી માંગણા નોટીસમાં વાદવાળો ચેક આ કામના આરોપીએ ફરીયાદીને કયા હેતુ માટે આપેલ તથા ફરીયાદીના કાયદેસરના લેણાની ચુકવણી માટે આપેલ હોવાની હકીકત સંપુર્ણપણે જણાવેલ છે.

**(૧૭)** વધુમાં સદરહુ કેસનુ રેકર્ડ જોતા આ કામના આરોપી **તા.૨૨/૦૪/૨૦૨૫** ના રોજ કોર્ટ રૂબરૂ હાજર થયેલ છે અને આ કામના આરોપીની પ્લી **આંક – ૧૧** થી નોંધવામા આવેલ છે. આમ**,** જયારે એક વખત આરોપીને તેની સામે કેસ ચાલે છે તેની જાણ થાય ત્યારે ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન હાજર રહેવાની આરોપીની પવિત્ર ફરજ છે. હાલના કેસમાં પણ આરોપી સામેના પુરાવાનો ખુલાસો કરવાની આરોપીને પુરતી તક આપવામાં આવેલ હોવા છતાં પણ આરોપી હાજર રહેતા ન હોય તો તેવા સંજોગોમાં આરોપી કેસની કાર્યવાહીથી કોઈ પણ યેન કેન પ્રકારે છટકવા, કે જાણી જોઈને લુપાતાં-છુપાતા ફરતા

હોય કે પોતાની સામેની ફોજદારી કાર્યવાહીથી બચવા કે ઈન્સાફી કાર્યવાહીને વિલંબમાં નાંખવા કે ખોરંભે ચઢાવવા સક્રીય બન્યા હોય ત્યારે તેવા સંજોગોમાં નામદાર કોર્ટ સમક્ષ ન્યાય માટે ગુહાર લગાવનાર ફરીયાદીની ન્યાયતંત્રમાં અને ન્યાયપ્રણાલીમાં રહેલ વિશ્વાસ, આસ્થા તથા શ્રધ્ધાને ટકાવી રાખવા તેમજ ગુનાનો ભોગ બનનારને ન્યાય મેળવવા માટે વલખા ન મારવા પડે તેવા શુભ આશય સાથે આરોપીની ગેરહાજરીમાં પણ કેસ ચાલી શકે તેમ છે. ઉપરાંત ફોજદારી કાર્યવાહી અધિનીયમની કલમ-૩૫૬(૩) ની જોગવાઈ મુજબ નામદાર અદાલત આરોપીની ગેરહાજરીમાં પણ ચુકાદો જાહેર કરી શકશે. વધુમાં અત્રેની કોર્ટનુ નમ્રપણે માનવુ છે કે પ્રત્યેક આરોપીને તેની સામે ના ફોજદારી ગુનાની કાર્યવાહીમાં બચાવની તક મળવી જ જોઈએ અને નામદાર કોર્ટે પણ આરોપીને બચાવની તક આપવીજ જોઈએ એ બાબત રક્ષાત્મક જોગવાઈ છે. પરંતુ મોટાભાગના કિસ્સામાં અને ખાસ કરીને આરોપીઓ ધી નેગોશીયેબલ ઈન્સટ્રુમેન્ટ એકટ કલમ-૧૩૮ મુજબના ગુનાના કામે રક્ષાત્મક જોગવાઈનો એક હથિયાર તરીકે ઉપયોગ કરી ને ઈન્સાફી કાર્યવાહીને વિલંબમાં નાખવા માટે, નિષ્ક્રીય બનાવવા અથવા શિથિલ બનાવવા માટે તમામ પ્રકારના પ્રયત્નો આરોપી પક્ષ ધ્વારા કરવામાં આવે છે. **નામદાર ગુજરાત વડી અદાલતે, Sharad Jethalal Salva Vs. State of Gujarat, Criminal Misc. Application No. 19862/2015, dt. 14.11.2016, ……**

> **Para 16 : If a person accused of an offence and convicted as such avoids arrest and avoids imprisonment as sentence by the criminal court. Such an incident only makes the justice delivery system insignificant and renders justice ineffective. Legal Justice requires that an offender convicted of a crime suffer the imprisonment as otherwise there would be social anarchy. People would contravenc the law with impunity without any attending punishment for violating the law. The very foundations of democracy and rule of law would be shaken and that is the reason why the courts strive to treat all persons before the**

**criminal law as equal. Whether one is rich and or poor, whether one is in powerful or powerless, the law is equally applied to all equally.**

**Para 17: "Be you ever so high, but the law is above yoy," is the signature theme of rule of law that loudly and silently (as well) echoes in the Indian Constitution context. The purpose of the constitution itself is to equalize the men (and women) before the law. Equal protection of laws and equality before the law does not make any distinction between the Ruler and ruled when it comes to enforcing the criminal sanctions. If a convict with money power as well as political power can avoid the punishment imposed by the highest Court of the State, the court which imposed such punishment cannot be a mute spectator or dumb listener to be soothed by high caliber forensic oratory to be soothed by high caliber forensic oratory of the counsel at the altar of justice. The court must and ought to take a serious view of such bizarre incidence : be it one in million. Of course, the law makers and law enforces must willing assist the court in angling the convict avoiding and dodging the law makers, the law enforcers and the law interpreters (Judges and Court).**

આમ, ઉપરોકત ચુકાદામાં નામદાર ગુજરાત વડી અદાલતે ઠરાવેલ છે કે, જયારે એક વખત આરોપીને પોતાની સામે કેસ ચાલે છે તેની જાણ હોય ત્યારે નામદાર અદાલત સમક્ષ હાજર રહેવાની આરોપીની પવિત્ર ફરજ છે. તેમની સામેના પુરાવાનો ખુલાસો કરવાની આરોપીને પુરતી તક આપવામાં આવેલ હોવા છતાં આરોપી હાજર રહેલ ના હોય તો તેવા સંજોગોમાં આરોપીની ગેરહાજરીમાં કેસ આગળ ચાલી શકે.

<u>વધુમાં કેસનુ રેકર્ડ જોતા આરોપીના વિ.વ.શ્રી ફરીયાદીની ઉલટ તપાસ માટે હાજર રહેતા ના હોય ફરીયાદીએ આંક–૧૯ થી આરોપીનો ઉલટનો હકક બંધ કરવા અરજી આપેલ જે અરજી અત્રેની કોર્ટ ધ્વારા મંજુર કરી તા.૧૭/૦૭/૨૦૨૫ ના રોજ હુકમ પસાર કરી આરોપીનો ફરીયાદીની ઉલટ કરવાનો હકક બંધ કરેલ છે.</u>

**(૧૮)** આમ, ઉપરોકત કરવામાં આવેલ ચર્ચા મુજબ તથા રેકર્ડ ઉપર રજુ થયેલ દસ્તાવેજી તથા મૌખિક પુરાવા મુજબ આ કામના ફરીયાદીએ આરોપીની પાસેથી તેની કાયદેસરની લેણી નીકળતી રકમ બાકી હોય તેવી હકીકત સદર બાબતે તેઓ ધ્વારા રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવા તથા મૌખિક પુરાવાથી પુરવાર કરેલ છે. જેથી ઉપરોકત કરવામાં આવેલ ચર્ચા, ફરિયાદીના વિ.વ.શ્રીની દલીલો તથા સમગ્ર રેકર્ડ ઉપરના દસ્તાવેજી આધાર પુરાવાઓ ધ્યાને લેતા ધી નેગો.ઈન્સ્ટ્રુ.એકટની રચના પાછળ વિધાનમંડળનો એવો હતો કે વેપાર જગતની નાંણાની લેવડ-દેવડ બાબતે થતા દુષણો અટકાવવા માટે તથા વેપારી જગતમાં વણ સ્વીકારેલા તથા પાછા જતા તથા વેપારી જગતનો આર્થિક વ્યવહાર ખોરવાતા બેંકો ઉપર બિનજરૂરી કામગીરીનો બોજો વધી જતા આવા ન્યુસન્સ અને વેપારી જગતમાં થતુ દુષણ અટકાવવા માટે નેગોશીયેબલ ઈન્સટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ થી ૧૪૭ દાખલ કરવામાં આવેલ તેમજ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની જોગવાઈ ધ્યાને લેતાં તેમજ ચેક પાછો ફરતા ફોજદારી પગલા લેવા માટે જે વ્યાખ્યા કરવામાં આવેલ છે તે, "સમગ્ર રીતે અથવા અંશત:કોઈપણ દેવુ કે અન્ય જવાબદારી અદા કરવા માટે કોઈ વ્યક્તિ પોતે નિભાવતો હોય તેવા ખાતા ઉપરનો ચેક આ ખાતામાંથી બીજી વ્યક્તિને નાંણાની ચુકવણી કરવા માટે બેંકને લખે અને આવા ચેકની ચુકવણી કર્યા વિના બેંક એ પરત કરે, કારણકે એ ખાતામાંની જમા રકમ ચેકના સ્વિકાર માટે અપુરતી છે અથવા તો બેંકની સાથે સમજુતી કરેલ વ્યવસ્થા પ્રમાણે ચેકની રકમ એ રકમ કરતા વધુ છે ત્યારે આવી વ્યક્તિએ ગુનો કર્યો ગણાશે અને આ કાયદાની કોઈ અન્ય જોગવાઈઓનો બાધ ન આવે તેમ તેને બે વર્ષ સુધીની કેદની શિક્ષા, અથવા ચેકની રકમથી બમણી રકમ સુધીનો દંડ અથવા બંને કરવામાં આવશે.

**(૧૯)** આમ, રેકર્ડ ઉપર રજુ થયેલ સમગ્ર મૌખિક તથા દસ્તાવેજી આધાર પુરાવાનુ બારીકાઈથી મુલ્યાંકન કરવામાં આવેતો ફરીયાદીના મૌખિક પુરાવામાં વિશ્વસનીયતા ઉત્પન્ન થાય છે અને માત્ર અમુક હકીકતો પુરતો ફકત વિરોધાભાષ ઉત્પન્ન થતો હોય તો તે માત્રથી જ ફરીયાદીનુ કાયદેસરનુ લેણુ આરોપી પાસેથી નીકળતુ નથી તેવુ માની શકાય નહી કે તેનો કોઈ ખંડનાત્મક પુરાવો આરોપી ધ્વારા સ્પષ્ટ પુરાવો રજુ કરી પુરવાર કરવામાં આવેલ નથી. આમ, રેકર્ડ ઉપર રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવો તથા નામદાર સર્વોચ્ચ અદાલત તથા નામદાર ઉચ્ચ અદાલતના ચુકાદાઓમાં પ્રસ્થાપિત થયેલા સિધ્ધાંતો મુજબ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૯ મુજબ અનુમાન કરવાની જે જોગવાઈ કરવામાં આવેલી છે તે જોગવાઈ મુજબ પણ આ કામના આરોપીએ ફરીયાદીની કાયદેસરની લેણી નીકળતી રકમ વસુલ આપેલ નથી જેથી આ કામના ફરીયાદીએ આરોપી સામે હાલની ફરીયાદ દાખલ કરેલી જે તમામ હકીકત ફરીયાદીએ મૌખિક તથા દસ્તાવેજી આધાર પુરાવા તથા રજુ કરેલ નામદાર સર્વોચ્ચ અદાલત તથા નામદાર વડી અદાલતોના ચુકાદામાં સ્થાપિત થયેલા સિધ્ધાંતો અન્વયે રજુ કરી નિ:શંકપણે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબનો તેમનો કેસ આરોપી વિરૂધ્ધ પુરવાર કરવામા સફળ થયેલા હોઈ જેથી મુદ્દા નં.૧નો જવાબ હકારમાં આપુ છું.

**(૨૦)** આમ, આ કામના આરોપી સામે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૮૮૧ ની કલમ-૧૩૮ નો ગુનો શંકાથી પર રહી પુરવાર કરવામાં ફરીયાદી સફળ રહેલા હોઈ આ કામના આરોપીને વટાઊખત અધિનીયમ-૧૮૮૧ ની કલમ-૧૩૮ ના શિક્ષાપાત્ર ગુના માટે દોષિત ઠરાવુ છું.

**(૨૧)** સદર કેસમાં આરોપી છેલ્લા ધણા સમયથી હાજર રહેતા નથી. આમ, આરોપી છેલ્લા ધણા સમયથી હાજર રહેતા ના હોય આરોપીની ગેરહાજરીમાં ચુકાદો જાહેર કરવાનુ ઉચિત જણાતુ હોય આરોપીની ગેરહાજરીમાં ચુકાદો જાહેર કરવામાં આવેલ છે.

**(૨૨)** આમ, ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ-૧૮૮૧ ની કલમ-૧૩૮ ના શિક્ષાપાત્ર ગુનાની

ઈન્સાફી કાર્યવાહી સમન્સ ટ્રાયબેલ પધ્ધતિથી ચલાવવામાં આવેલ હોઈ ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ-૨૫૫(૨) મુજબ આ કામના આરોપીને દોષિત ઠરાવવામાં આવે છે. આરોપીને દોષિત ઠરાવવામાં આવે ત્યારે આરોપીને સજા અંગે સાંભળવા કાયદેસર રીતે જરૂરી રહેતુ નથી પરંતુ કુદરતી ન્યાયના સિધ્ધાંતો ધ્યાને લેતા આરોપીને સજા કરતા પહેલા સજા અંગે સાંભળવા માટે મુલત્વી રાખવામાં આવે છે.

**સ્થળ: સતલાસણા**
**તા.૦૯–૦૩–૨૦૨૬**

**(જૈમિન ધીરૂભાઈ પટેલ)**
**જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક.,**
**સતલાસણા**
**કોડ નં. જીજે– ૦૧૬૧૩**

## <u>સજા અંગે સાંભળ્યા પછીનો હુકમ</u>

**(૨૩)** આજરોજ નામદાર કોર્ટમાં આરોપી હાજર રહેલ નથી તથા આરોપીના વિ.વ.શ્રી હાજર રહેલ નથી.

**(૨૪)** ફરીયાદીના વિ.વ.શ્રી જણાવે છે કે, આ કામના આરોપી વિરૂધ્ધ ફરીયાદપક્ષે પોતાનો કેસ નિશંકપણે પુરવાર કરેલ છે અને આ કામના આરોપીને આપ નામદાર અદાલત ધ્વારા નેગોશીયેબલ ઈન્સટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના ગુના માટે કસુરવાન ઠરાવવામાં આવેલ છે જેથી આ કામના આરોપી કે જેઓએ પૈસાની ખુબ જરૂર હોવાથી ફરીયાદી પાસેથી રૂા.૯૦,૦૦૦/– પુરા હાથ ઉછીના લીધેલા અને નિયત સમયમાં આરોપીએ ફરીયાદીની લેણી રકમ ન ચુકવતા ફરીયાદીની લેણી રકમ ચુકવવા સારૂ આરોપીએ ફરીયાદીને રૂા.૯૦,૦૦૦/–પુરાના વાદવાળો ચેક આપેલ હતો જે ફરીયાદીનુ કાયદેસરનુ લેણુ હોવાનુ આ કામના ફરીયાદી આરોપી વિરૂધ્ધ પુરવાર કરવામાં સફળ રહેલ છે. વધુમાં તેઓએ દલીલ કરેલ છે કે, આ કામના આરોપીએ આપેલ વાદવાળો ચેક જમા કરાવતા વગર વસુલાત થયે યાને કે વગર વટાવ્યે પરત ફરેલો હતો જે ચેક ની રકમ આ કામના આરોપી પાસેથી માંગણી કરતા તેમજ તે બાબતે વકીલશ્રી મારફતે મોંગણાની નોટીસ મોકલાવી માંગણી કરવા છતા પણ કાયદા મુજબની નિયત સમય–

મર્યાદામાં સદર ફરીયાદીની બાકી નીકળતી કાયદેસરની લેણી રકમ આ કામના આરોપીએ ફરીયાદીને ચુકવેલ હતી નહી જેથી આ કામના આરોપીએ ફરીયાદીને શારીરીક, માનસીક તથા આર્થિક નુકશાન પહોચાડ્યુ હોઈ આ કામના આરોપીને વધુમાં વધુ સજા ફરમાવવામાં ન આવે તો આ પ્રકારના આરોપી ફરીથી આવા પ્રકારના ગુના આચરશે જેની આડઅસર સમાજ ઉપર પડશે તેમજ ચેકની લેવડ દેવડ બાબતે નાંણાકીય લેવડદેવડ બાબતે જે સબંધો સમાજમાં છે તે સબંધોમાં તિરાડ ઉત્પન્ન થશે અને કોઈ કોઈનો વિશ્વાસ રાખશે નહી જેથી ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ માં દર્શાવેલ સજાની જોગવાઈઓ ધ્યાને લઈ આ કામના આરોપીને બે વર્ષની સજા તથા ચેકમાં જણાવેલ રકમથી બમણી રકમના દંડની સજા ફરમાવવા તેઓએ અરજ ગુજારેલ છે.

(૨૫) ઉપરોકત હકીકતો ધ્યાને લેતાં ઉલ્લેખનીય છે કે, આરોપીને અદાલત ધ્વારા ગુણદોષ પર ચુકાદો જાહેર કરી તકસીરવાન ઠરાવેલ છે. ઉલ્લેખનીય છે કે, ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ની રચના કરવા પાછળનો ઉદ્ધેશ નાણાકીય વ્યવહારોમાં પારદર્શિતા લાવવાનો અને વટાવખતની વિશ્વનીયતા વધારવાનો છે, જેના કારણે કોઈ વ્યક્તિ અન્ય વ્યક્તિને પોતાના ખાતાનો ચેક આપી ત્યારબાદ તેમાંથી છટકી જાય નહી. આ ઉપરાંત સી.સી.અલવી હાજી વિરૂધ્ધ અલ્લાપીટ્ટી મહોમ્મદ અને અન્યના ચુકાદામાં પણ નામદાર સર્વોચ્ચ અદાલત ધ્વારા આ બાબત પ્રસ્થાપિત કરેલ છે. નાણાકીય વ્યવહારોમાં પારદર્શિતા આવે અને આરોપી ગુન્હામાંથી છટકી ન જાય તે માટે ઉપરોકત જોગવાઈઓ ધડવામાં આવેલ છે. આ બાબતે આરોપીને સજા વિના મુકત કરી દઈએ તો ફરીયાદી કે જેમની મોટી રકમ આરોપી ધ્વારા લીધા બાદ પરત આપવામાં આવેલ નથી તેમને ખુબ અન્યાય થાય અને સામજમાં આ પ્રકારના ગુન્હાનું પ્રમાણ વધી જાય અને કોઈ પણ વ્યક્તિ નાણાંકીય વ્યવહારો કર્યા બાદ તેમાંથી ફરી જાય અને વ્યાપારીક વ્યવહારોમાં વિશ્વનિયતા રહે નહી તે બાબત ધ્યાનમાં લઈ આરોપીને કાયદામાં ઠરાવેલ સજા કરવી જોઈએ તેવુ અત્રેની અદાલતનુ નમ્રપણે માનવુ છે, પરંતુ આરોપીની ઉંમર, ગુન્હાનો પ્રકાર તેમજ જવાબદારી ધ્યાને લઈ મહત્તમ સજા ન કરતાં નીચે મુજબ સજાનો હુકમ કરવો ન્યાયોચિત જણાય છે.

-: આખરી હુકમ :-

૧. આ કામના આરોપી :-કુરેશી આસીફ ઐયુબભાઈ, રહે. ૩/૧૨/૧૧ ટોટાણ બાગ સિધ્ધપુર, તા.સિધ્ધપુર, જિ.પાટણનાઓને ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ-૨૫૫(૨) મુજબ શિક્ષાપાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવી ૧ (એક વર્ષ) ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે તથા વાદગ્રસ્ત ચેકની રકમ રૂા.૯૦,૦૦૦/-(અંકે રૂપીયા નેવુ હજાર) પુરા ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ- ૩૫૭ મુજબ વળતર તરીકે આરોપીએ ફરીયાદીને દિન-૩૦ માં ચુકવવાનો હુકમ કરવામાં આવે છે અને જો વળતરની રકમ ચુકવવામાં આરોપી કસુર કરે તો ૬(છ) માસની સાદી કેદની સજા ભોગવવાનો આથી હુકમ કરવામાં આવે છે.

૨. આરોપી હાજર ના હોય આરોપીને સજા ભોગવવા જેલમાં મોકલવા માટે આરોપીને પકડવા ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૪૧૮(૨) અન્વયે આરોપીનુ પકડ વોરંટ કાઢવુ.

૩. આરોપી ધણાં લાંબા સમયથી નામ.કોર્ટમાં હાજર રહેતા ના હોય અને આજરોજ પણ હાજર ના હોય આરોપીને ફોજદારી કાર્યરીતી અધિનીયમની કલમ-૩૬૩(૧) મુજબ ચુકાદાની ખરી નકલ હવે પછી વિનામુલ્યે પુરી પાડવી નહિ.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

સ્થળઃ સતલાસણા
તા.૦૯-૦૩-૨૦૨૬

(જૈમિન ધીરૂભાઈ પટેલ)
જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક.,
સતલાસણા
કોડ નં. જીજે- ૦૧૬૧૩